Extra No. 324

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **WEDNESDAY, SEPTEMBER 10, 2025 / BHADRA 19, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ-ના તારીખઃ ૨૩મી એપ્રિલ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/(૦૯)/ઇએક્સએએમ/૧૮૧૬/૧૫૬૭/ડી-૨.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Range Forest Officer (Survey) Class-III (Departmental Examination) Rules, 2025

રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે), વર્ગ-૩ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

વન અને પર્યાવરણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/(૦૯)/ઇએક્સએએમ/૧૮૧૬/૧૫૬૭/ડી-૨: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વન અને પર્યાવરણ વિભાગ હેઠળની તાબાની સેવામાં, સર્વેયર, વર્ગ-૩ની જગા પર નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તેઓએ વન અને પર્યાવરણ વિભાગની તાબાની સેવામાં, રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે) વર્ગ-૩ની જગા પર બઢતી માટે પાત્ર થવા ખાતાકીય પરીક્ષા પાસ કરવાને સંબંધિત હોય ત્યાં સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પાડવા બાબત.-

(૧) આ નિયમો રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે), વર્ગ-૩ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં સર્વેયર, વર્ગ-૩ની જગા પર સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમાયેલી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યાઓ: આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "નિયત તારીખ" એટલે આ નિયમો જે તારીખે અમલમાં આવશે તે તારીખ;

(ગ) "બોર્ડ" એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

(ઘ) "પરીક્ષા" એટલે વન અને પર્યાવરણ વિભાગની તાબાની સેવામાં, રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે), વર્ગ-૩ની જગા પર બઢતી માટેની આ નિયમો હેઠળ ઠરાવવામાં આવેલ ખાતાકીય પરીક્ષા.

(ચ) "જૂના નિયમો" એટલે નિયત તારીખની તરત પહેલા અમલમાં હોય તેવા નિયમો.

(છ) "નિર્દિષ્ટ તકો" એટલે કોઈ વ્યક્તિએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(જ) "નિર્દિષ્ટ મુદત" એટલે કોઈ વ્યક્તિએ જેટલી મુદતની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત;

(ઝ) "સર્વેયર" એટલે વન વિભાગમાં, તાબાની સેવામાં સર્વેયર, વર્ગ-૩ તરીકે નિમાયેલી વ્યક્તિ.

(ટ) "રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે)" એટલે વન વિભાગમાં, તાબાની સેવામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે), વર્ગ-૩ તરીકે નિમાયેલી વ્યક્તિ.

(ઠ) "સંબંધિત પરીક્ષા" એટલે જૂના નિયમો હેઠળ ઠરાવેલી ખાતાકીય પરીક્ષા.

૩. પરીક્ષા પાસ કરવાની આવશ્યકતા: સર્વેયરની જગા પર નિમાયેલી વ્યક્તિએ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે)ની જગા પર બઢતી માટે પાત્ર થવા પરીક્ષા પાસ કરવાની રહેશે.

૪. પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા:

(૧) કોઈપણ વ્યક્તિ, સર્વેયરની જગા ઉપર તેની નિમણૂક બાદ, સેવાના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા ન હોય, તો પરીક્ષામાં બેસવા માટે પાત્ર થશે નહિ.

(૨) કોઈપણ વ્યક્તિએ, વિદ્યમાન જગા માટેની તાલીમાંત પરીક્ષા પાસ કરી હોય અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા તાલીમાંત પરીક્ષામાંથી તેને મુક્તિ આપવામાં આવી હોય તે સિવાય, પરીક્ષામાં બેસવા માટે પાત્ર થશે નહિ.

૫. પરીક્ષા પાસ કરવા માટેની નિર્દિષ્ટ તકો અને મુદત:

(૧) રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે), વર્ગ ૩ની જગા પર બઢતી માટે પાત્ર થવા માટે કોઈ વ્યક્તિએ, સર્વેયર, વર્ગ-૩ની જગા પર તેની નિમણૂક પછી, તેની ત્રણ વર્ષની સળંગ સેવા પૂર્ણ કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર અને ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને એક વધારાની તક આપી શકાશે, જેનો લાભ તેની ત્રીજી તકની પરીક્ષાના પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે;

(૨) આ નિયમોમાં ઉલ્લેખેલ પરીક્ષા, નિર્દિષ્ટ મુદતની અંદર અને નિર્દિષ્ટ તકોની અંદર પાસ ન કરી શકી હોય તેવી કોઈ વ્યક્તિ, આવી ચૂક (નિષ્ફળતા) છતાં, સરકાર વખતોવખત નક્કી કરે તેવી પરીક્ષા ફી ભર્યેથી, પરીક્ષામાં કોઈપણ સમયે બેસવાને પાત્ર થશે અને તે સદરહુ પરીક્ષા પાસ કરે, તો તે બઢતી માટે પાત્ર થશે:

પરંતુ પોતે પરીક્ષા પાસ કરીને આવી બઢતી માટે પાત્ર બને તે પહેલાં જે વ્યક્તિઓએ તેના કરતાં પહેલાં પરીક્ષા પાસ કરી હોય અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે)ની જગામાં આ નિયમો હેઠળ બઢતી પણ આપવામાં આવી હોય તેવી વ્યક્તિઓ ઉપર સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર રહેશે નહિ;

વધુમાં, જૂના નિયમો હેઠળ કોઈ તક આપવામાં આવી હોય તેવી વ્યક્તિને, આ નિયમો હેઠળ બાકી રહેતી તકો આપવાની રહેશે.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાની બાબતને એક તક તરીકે ગણવામાં આવશે.

૬. પરીક્ષાનો અભ્યાસક્રમ અને યોજના :

(૧) પરીક્ષાનો અભ્યાસક્રમ પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષામાં પાંચ પ્રશ્નપત્રોનો સમાવેશ થશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એક સો) ગુણનું રહેશે.

પરીક્ષા બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ) અને વ્યવહારુ કસોટીની રહેશે

(૩) ઉમેદવારોને પ્રશ્નપત્રો ૧ થી ૪ના ઉત્તર પુસ્તકોની મદદથી આપવાની છૂટ આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- "પુસ્તકો સાથે" એટલે કોઈપણ વિવરણો અથવા પૂર્વ-કાયદા (કેસ લો) સિવાયના મૂળ અધિનિયમો અને/અથવા નિયમો ધરાવતા સરકારે અથવા તાલીમ આપતી સંસ્થાએ માન્ય કરેલ વિષયોની અસલ પુસ્તક અને તેમા ગુજરાત સરકારે પ્રકાશિત અથવા માન્ય કરેલ અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહો(મેન્યુઅલ્સ)નો સમાવેશ થાય છે.

૭. પરીક્ષાનું માધ્યમ:

પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૮. પરીક્ષાનું આયોજન:

(૧) બોર્ડ, વર્ષમાં ઓછામાં ઓછા બે વાર પરીક્ષા યોજશે;

(૨) બોર્ડ-એ નક્કી કરેલી કામચલાઉ તારીખથી ઓછામાં ઓછા નેવું (૯૦) દિવસ પહેલાં, બોર્ડએ, પરીક્ષાનાં સંભવિત કાર્યક્રમની જાણ અગ્ર મુખ્ય વન સંરક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને કરવી જોઈશે;

(૩) પરીક્ષામાં બેસવા ઇચ્છતી વ્યક્તિએ, આવી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવવા માટે તેની અરજી 'પરિશિષ્ટ-'ખ' માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં, પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલા અગ્ર મુખ્ય વન સંરક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી મારફત, બોર્ડને મોકલવી જોઈશે;

(૪) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વડાએ પરીક્ષામાં બેસવા માટેની તેની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઈશે અને પરિશિષ્ટ 'ગ' માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પાત્રતા પ્રમાણપત્ર સાથે તે બોર્ડને મોકલવી જોઈશે.

(૫) અરજદાર પાછળથી પરીક્ષામાં ન બેસવાનો નિર્ણય કરે, તો તેણે પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વડા મારફત બોર્ડને તેની જાણ કરવી જોઈશે.

(૬) પરીક્ષામાં બેસવા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા પછી, ઉપર પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલી જાણ કર્યા વિના, કોઈ વ્યક્તિ પરીક્ષામાં બેસવામાં ચૂક કરે, તો તેણે પરીક્ષા પાસ કરવાની એક તક ગુમાવી છે તેમ ગણાશે:

પરંતુ અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વડાને એમ ખાતરી થાય કે વ્યક્તિએ પોતાના કાબૂ બહારના કારણોસર સમયસર જાણ કરવામાં ચૂક કરી હતી, તો તેઓ પેટા-નિયમ (૫)માં ઉલ્લેખ્યા પ્રમાણેની જાણ કરવા માટેની આવી વ્યક્તિના પક્ષે થયેલી ચૂકને અને તેમાંથી ઉદ્ભવતા પરિણામોને માફ કરી શકશે.

(૭) બોર્ડ, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વડા દ્વારા તે (ઉમેદવાર) પરીક્ષામાં બેસવા માટે પાત્ર છે, તે મતલબના આપવામાં આવેલા પ્રમાણપત્રને આધારે ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપશે;

(૮) મંડળ દ્વારા દ્વારા ખાતાકીય પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમયની જાણ કરવામાં આવશે અને તે જાણકારી અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ઉમેદવારોને કરવામાં આવશે.

૯. ખાતાકીય પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ.-

(૧) ખાતાકીય પરીક્ષા પાસ કરવાનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવવામાં આવેલ કુલ ગુણના પચાસ ટકા (૫૦%)નું રહેશે.

(૨) એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કરે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં આ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત થવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) ઉમેદવારે, પરીક્ષામાં માત્ર એક જ પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવ્યું ન હોય, તો એવા ઉમેદવારને, તે પ્રશ્નપત્રના કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યારપછી, તેણે લાયકી ધોરણને સમકક્ષ અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હોય, તો તેને (પરીક્ષામાં) ઉત્તીર્ણ જાહેર કરવામાં આવશે.

૧૦. પરીક્ષાનું પરિણામ.- બોર્ડ-એ, પરીક્ષાનું પરિણામ તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવું જોઈશે અને અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-ને તે (પરિણામ) મોકલી આપવું જોઈશે જેમણે ઉમેદવારોને પરિણામની જાણ કરવી જોઈશે.

૧૧. પ્રોત્સાહન.- પ્રથમ તકમાં પરીક્ષામાં ૮૦ % (એંશી ટકા) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને, પ્રોત્સાહન તરીકે સરકારે વખતોવખત નક્કી કર્યા પ્રમાણેની રોકડ રકમ ચૂકવવામાં આવશે.

૧૨. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ.- કોઈપણ ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, લેપટોપ વગેરે જેવા કોઈ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૩. રદ કરવા બાબત અને અપવાદ.- રેન્જ ફોરેસ્ટ ઓફીસર (સરવે), વર્ગ-૩-ની જગા પર બઢતી માટે કરવામાં આવેલા જૂના નિયમો અને આ નિયમો અમલમાં આવે તે પહેલાં તરત જ અમલમાં આવતા તત્સમાન અન્ય કોઈ નિયમો આથી, રદ કરવામાં આવે છે.

પરંતુ (નિયમો) આવી રીતે રદ થવાથી, આવી રીતે રદ થયેલા કોઈ નિયમો હેઠળ કરેલા કોઈ કૃત્ય અથવા લીધેલા કોઈ પગલાને અસર થશે નહિ.

પરિશિષ્ટ-"ક"

(જુઓ નિયમ ૬ (૧))

વન અને પર્યાવરણ વિભાગની તાબાની સેવામાં, રેન્જ ફોરેસ્ટ ઓફીસર (સરવે), વર્ગ-૩-ની જગા પર બઢતી માટે ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧ સેવાને લગતી બાબતો અને નાણાકીય બાબતો (પુસ્તકો સાથે)

ગુણ- ૧૦૦ સમયગાળો - ૩ કલાક

(૧) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧

(૨) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૩) ગુજરાત મુલકી સેવા (વર્ગીકરણ અને ભરતી) (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૪) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

(૫) ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

(૬) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ અને સુધારો- ૨૦૧૮.

પ્રશ્નપત્ર ૨ સેવાને લગતી બાબતો (પુસ્તકો સાથે)

ગુણ- ૧૦૦ સમયગાળો - ૩ કલાક

ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (ભાગ ૧ થી ૮)

(૧) ગુજરાત મુલકી સેવા (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.

(૨) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાનો સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨.

(૩) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.

(૪) ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૫) ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.

(૬) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.

(૭) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.

(૮) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

પ્રશ્નપત્ર ૩ ખાસ વિષય (પુસ્તકો સાથે)

ગુણ- ૧૦૦ સમયગાળો - ૩ કલાક

(૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (મુંબઈ અધિનિયમ ક્રમાંક ભાગ ૫ ૧૮૭૯).

(ક) પ્રકરણ ૧ અને ૨.

(ખ) પ્રકરણ ૫ કલમ ૩૭થી ૪૪.

(ગ) પ્રકરણ ૬ કલમ ૬૨.

(ઘ) પ્રકરણ ૯.

(૨) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨.

(ક) નિયમ ૨૪ થી ૨૮ (હદ નિશાન).

(ખ) નિયમ ૫૮ કલમ ૬૩ (ઝાડ અને જંગલના હક).

(ગ) નિયમ ૬૪-૬૫.

(ઘ) પ્રકરણ ૧ અને ૨.

(૩) ભારત વન અધિનિયમ, ૧૯૨૭.

(૪) વન (સંવર્ધન) અધિનિયમ, ૧૯૮૦ અને તે હેઠળના નિયમો.

(૫) સૌરાષ્ટ્રનો વૃક્ષો કાપી નાખવા માટે શિક્ષા કરવા બાબતનો અધિનિયમ, ૧૯૫૧ અને તે હેઠળના નિયમો.

(૬) વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ અને તે હેઠળના નિયમો.

(૭) અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી (વન અધિકારો માન્ય કરવા) બાબત અધિનિયમ, ૨૦૦૬.

પ્રશ્નપત્ર ૪ તકનીકી બાબતો (પુસ્તકો સાથે)

ગુણ- ૧૦૦ સમયગાળો - ૩ કલાક

(૧) મોજણી અને જમાબંદી વોલ્યુમ ૧ અને ૨ (વોલ્યુમ-૨-ના પ્રકરણ-૩, ૫, ૬ સિવાય)

(૨) જમીન મોજણીનું મેન્યુઅલ.

(૩) જમીન દફ્તર વિભાગના નિયમો અને સ્થાયી સૂચનાઓ.

(૪) જમીન દફ્તર ખાતુ (મોજણી, દુરસ્તી-રેકર્ડ જાળવણી)

(૫) કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેરનું પાયાનું જ્ઞાન.

(૬) કચેરી કાર્યપદ્ધતિનું મેન્યુઅલ (સચિવાલય સિવાયની કચેરીઓ માટે).

પ્રશ્નપત્ર ૫ વ્યાવહારિક બાબતો (પુસ્તકો સિવાય)

ગુણ- ૧૦૦ સમયગાળો - ૩ કલાક

સર્વેના અદ્યતન સાધનો અને તકનીકો, સાધનો, માપદંડ/માપપટ્ટીઓ (અદ્યતન) ભૌગોલિક નિર્માણ.

(૧) સર્વે, હદબાણ/નિશાનીઓ તથા પ્રતિકો (ચિહ્નો)નું વર્ગીકરણ.

(૨) ચેઈન સર્વે.

(૩) કમ્પાસ સર્વે.

(૪) પ્લેન ટેબલ સર્વે.

(૫) (શંકુ માપણી)/ ક્રોસ સ્ટાફ સર્વે.

(૬) થિયોડોલાઈટ સર્વે (સેન્ટરીંગ, લેવલીંગ અને કોણ (એન્ગલ) વાંચન (રીડીંગ)

(૭) ઈલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન.

(૮) ડી.જી.પી.એસ. અને ફોટોગ્રામેટ્રી.

(૯) જમીન દફ્તર વિભાગોના કોઈપણ બે સોફ્ટવેરને લગતા પ્રેક્ટિકલ કામ/સોફ્ટવેરનો વ્યાવહારિક ઉપયોગ.

પરિશિષ્ટ-ખ

(જુઓ નિયમ ૮ (૩))

વન અને પર્યાવરણ વિભાગની તાબાની સેવામાં, રેન્જ ફોરેસ્ટ ઓફીસર (સરવે), વર્ગ-૩-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.

૧	અરજદારનું પૂરું નામ (અટક પહેલાં) (અંગ્રેજી અને ગુજરાતીમાં):	
૨	હોદ્દો (અંગ્રેજી અને ગુજરાતીમાં):	
૩	હાલમાં જ્યાં સેવા આપી રહ્યા હોય તે કચેરીનું નામ:	
૪	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉંમર:	
૫	હાલની જગા પર નિમણૂકની તારીખ અને સેવાના કુલ વર્ષ:	
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ છે કે કેમ?, તેમ હોય તો:-	
	(ક) જેમાં તે ઉપસ્થિત રહ્યો હોય તે પરીક્ષાનો મહિનો અને વર્ષ:	
	(ખ) કોઈ મુક્તિ મળેલ છે કે કેમ? તેમ હોય, તો ગુણ, પરીક્ષાનું વર્ષ અને વિષયની વિગતો આપવી:	
	(ગ) અરજદાર મેળવેલી મુક્તિનો લાભ લેવા ધારે છે કે કેમ? “હા” અથવા “ના” માં જણાવવું. (પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઈ ફેરફારની પરવાનગી મળશે નહિ):	

૭.	જે નિયમોના સત્તાધિકાર હેઠળ અરજદારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવું પડશે તે નિયમોના સત્તાધિકાર:	
૮.	અરજદારે, જેટલી તકોમાં અને જે સમયમર્યાદાની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તકોની સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાની તારીખ અને તેની મુદતની સમાપ્તિની તારીખો જણાવવી):	
૯.	કરેલ પ્રયત્નોની સંખ્યા:	
૧૦.	વધારાની (ખાસ) (તક) આપવામાં આવેલ છે કે કેમ? (જે હુકમો હેઠળ અરજદારને વધારાની તક આપવામાં આવેલ હોય, તે હુકમોના ક્રમાંક અને તારીખ નિર્દિષ્ટ કરવા અને તેની નકલ મોકલવી):	
૧૧.	પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત., સરકારી સેવામાં કાયમી થવા, સરકારી સેવામાં ચાલુ રહેવા, બઢતી, વગેરે.):	
૧૨.	અરજદાર ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર છે કે કેમ?	
૧૩.	વિશેષ નોંધ (રિમાર્ક્સ), કોઈ હોય તો:	

સ્થળ:

તારીખ: (અરજદારની સહી)

પરિશિષ્ટ 'ગ'

(જૂઓ નિયમ ૮ (૪))

યોગ્યતા પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે:

(૧) ઉપરની વિગતોની ખરાઇ કરવામાં આવેલી છે અને તે સાચી જણાયેલ છે. શ્રી/શ્રીમતી/કુ. ..... વર્ષ ૨૦.....ના.....મહિનામાં યોજાનારી વન અને પર્યાવરણ વિભાગની તાબાની સેવામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સરવે), વર્ગ ૩ની જગા પર બઢતી માટેની પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર છે.

(૨) * જરૂરી ફી ચૂકવેલી છે, ચલણની નકલ આ સાથે જોડેલી છે.

(૩) * ઉમેદવારને વધારાની તક આપવામાં આવેલ છે; હુકમની નકલ જોડેલ છે.

સ્થળ: .....

તારીખ : .....

(વિભાગ/કચેરીના વડાની સહી અને હોદ્દો)

* જે કંઇ લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આસવ ગઢવી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.19 18:30:02 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar